શ્રી ૧૧

શ્રી ગણેશાય નમઃ

શ્રી ઉમિયા માતય નમઃ

શ્રી સરસ્વતી માતાય નમઃ

દયાપર ગામની સ્થાપના સંવત ૧૯૩૫ વૈશાખ સુદ ૩ ના દિવસે કરવામાં આવી. ડાહયાદેવજી પારસીયાના નામ ઉપરથી દયાપરનું નામ આપવામાં આવ્યું. દયાપર ગામનું તોરણ બાંધ્યુ ત્યારે (૧) ડાહયા દેવજી પારસીયા (૨) રૈયા કરસન લીંબાણી (૩) ભીમજી સામા લીંબાણી (૪) જીવા પાંચા લીંબાણીની હાજરી હતી. પારસીયા તેમજ લીંબાણી પરીવાર રસીલીયાથી આવી દયાપર ગામની સ્થાપના કરી. દયાપરમાં વસવાટ કર્યો અને આજુબાજુથી પોત પોતાના સગા બોલાવી સુખ ચેનથી રહેવા લગ્યા અને ખેતીવાડી અને ઢોર ઉછેરનો વ્યવસાય વારસામાં મળેલ તે ચાલુ કર્યો.

બીજુ દયાપરના પટેલ રૈયા કરસન લીંબાણી પરીવારમાં છ દિકરા અને બે દિકરીનો પરીવાર હતો. તેમાં સૌથી નાના દિકરા નારાણ રૈયાનો જન્મ ઈ.સ. ૧૮૯૦ માં દયાપર ખાતે થયો.

નારાણ રૈયા બાળપણથી હોશિયાર અને ઉધમી હતા. તેમને સ્કુલમાં અભ્યાસ કરવાની તક નહોતી મળી પણ તેમના પિતા રૈયા કરસનની પાસે અક્ષર જ્ઞાન હતું. તેથી તેમની પાસેથી નારાણ રૈયા વાડીમાં કોશ ચલાવતા ચલાવતા અક્ષર જ્ઞાન પ્રાપ્ત કરેલ.

ત્યારબાદ નાની ઉંમરથી કરાચીમાં કામ કરવા જતા ત્યાં ઈ.સ. ૧૯૨૦ સુધી રહયા અને રોડ કન્સ્ટ્રકશનનું કામ કરતા. તેમના લગ્ન લખપત તા.ના ધારેશી ગામના પટેલ જેઠા રતનશી સાંખલાની દિકરી જાનબાઈ સાથે થયેલ અને ચાર દિકરા અને બે દિકરીનો પરીવાર હતો. નારાણ રૈયા. ૧૯૨૦ માં પહેલી પરીષદ કરાચીમાં ભરાણી ત્યારથી નારાણ રામજી લીંબાણીના પરીચયમાં હતા અને પરીષદમાં ભાગ પણ લીધો ત્યારથી પીરાણા અને સનાતનનો ભેદભરમ જાણવા લાગ્યા.

ઈ.સ. ૧૯૨૦ પછી કરાચીને બદલે મુંબઈ કર્મભુમી બનાવી. અને ઘાટકોપર વસવાટ કરતા અને મકાન બાંધકામના કોન્ટ્રાકટ રાખતા.

શ્રી ૧૧

શ્રી ગણેશાય નમઃ

શ્રી ઉમિયા માતય નમઃ

શ્રી સરસ્વતી માતાય નમઃ

24-Apr-1879

દયાપર ગામની સ્થાપના સંવત ૧૯૩૫ વૈશાખ સુદ ૩ ના દિવસે કરવામાં આવી. ડાહયાદેવજી પારસીયાના નામ ઉપરથી દયાપરનું નામ આપવામાં આવ્યું. દયાપર ગામનું તોરણ બાંધ્યુ ત્યારે (૧) ડાહયા દેવજી પારસીયા (૨) રૈયા કરસન લીંબાણી (૩) ભીમજી સામા લીંબાણી (૪) જીવા પાંચા લીંબાણીની હાજરી હતી. પારસીયા તેમજ લીંબાણી પરીવાર રસીલીયાથી આવી દયાપર ગામની સ્થાપના કરી. દયાપરમાં વસવાટ કર્યો અને આજુબાજુથી પોત પોતાના સગા બોલાવી સુખ ચેનથી રહેવા લગ્યા અને ખેતીવાડી અને ઢોર ઉછેરનો વ્યવસાય વારસામાં મળેલ તે ચાલુ કર્યો.

બીજુ દયાપરના પટેલ રૈયા કરસન લીંબાણી પરીવારમાં છ દિકરા અને બે દિકરીનો પરીવાર હતો. તેમાં સૌથી નાના દિકરા નારાણ રૈયાનો જન્મ ઈ.સ. ૧૮૯૦ માં દયાપર ખાતે થયો.

નારાણ રૈયા બાળપણથી હોશિયાર અને ઉદ્યમી હતા. તેમને સ્કુલમાં અભ્યાસ કરવાની તક નહોતી મળી પણ તેમના પિતા રૈયા કરસનની પાસે અક્ષર જ્ઞાન હતું. તેથી તેમની પાસેથી નારાણ રૈયા વાડીમાં કોશ ચલાવતા ચલાવતા અક્ષર જ્ઞાન પ્રાપ્ત કરેલ.

ત્યારબાદ નાની ઉંમરથી કરાચીમાં કામ કરવા જતા ત્યાં ઈ.સ. ૧૯૨૦ સુધી રહયા અને રોડ કન્સ્ટ્રકશનનું કામ કરતા. તેમના લગ્ન લખપત તા.ના ધારેશી ગામના પટેલ જેઠા રતનશી સાંખલાની દિકરી જાનબાઈ સાથે થયેલ અને ચાર દિકરા અને બે દિકરીનો પરીવાર હતો. નારાણ રૈયા.૧૯૨૦ માં પહેલી પરીષદ કરાચીમાં ભરાણી ત્યારથી નારાણ રામજી લીંબાણીના પરીચયમાં હતા અને પરીષદમાં ભાગ પણ લીધો ત્યારથી પીરાણા અને સનાતનનો ભેદભરમ જાણવા લાગ્યા.

ઈ.સ. ૧૯૨૦ પછી કરાચીને બદલે મુંબઈ કર્મભુમી બનાવી. અને ઘાટકોપર વસવાટ કરતા અને મકાન બાંધકામના કોન્ટ્રાકટ રાખતા.

 ત્યારબાદ દાદર ખાતે પોતાની માલીકીની જગ્યામાં શ્રી સ્પ્રીંગ કોન્ક્રીટના નામે ઈ.સ. ૧૯૩૦ માં ટાઈલ્સ તેમજ ઝાળી બનાવવાનું કામ ચાલુ કરેલ અને ટુંક સમયમાં સારી સફળતા મળેલ પાછળથી તેમના દિકરા વિશ્રામ નારાણ, દામજી નારાણ તથા નાનજી નારાણનો પણ બહુ સારા સહકારથી ધંધામાં સારી સફળતા મળેલ અને તે એરીયો પણ નારાણ પુરી તરીકે મુંબઈમાં ઓળખાતો અને કચ્છમાંથી આવતા જતા આપણી સમાજના ભાઈઓ માટે એક આશ્રય સ્થાન બન્યું.

બીજુ ધંધામાં સારી સફળતા મળવાથી અને ઉદાર દીલને લીધે માદરે વતન દયાપરમાં ૧૯૬૦–૧૯૭૦ ના સમય દરમ્યાન દવાખાનું, વોટર સપ્લાય, સ્કુલ, સ્ટેશન, ગામ લોકોના સહકારથી તેમજ નારાણ રૈયા તેમજ તેમના વારસદારો તરફથી ખુબ સારો સહકાર મળેલ તેમાં દવાખાનુ અને સ્ટેશન દયાપર ખાતે સ્વ ખર્ચે બનાવી ગામને અર્પણ કરેલ અને દયાપર હાઈસ્કુલમાં પણ વિશેષ ફાળો આપી માતૃશ્રી જાનબાઈ નારાણ રૈયા હાઈસ્કુલ નામ કરણ કરાવેલ. બીજુ નારાણ રૈયાના ભત્રીજા પ્રેમજી મુળજી રૈયા લીંબાણી પણ દયાપરના એક સપુત હતા. તેમને પણ દયાપર ગામના વિકાસ માટે જાતે હાજર રહી દવાખાના, સ્કુલ, વોટર સપ્લાયમાં જાત દેખરેખ રાખી હાજર રહી ગામની સેવા કરી પાછળથી તેમના દિકરા ભવાનજી પ્રેમજી/ જેન્તીલાલ પ્રેમજીએ પણ તેમના પિતાજીનું નામ રોશન કરવા અને દયાપરની સેવા કરવા બહુ મોટી રકમ આપી દયાપર સ્કુલનું નામ શ્રી પ્રેમજી મુળજી લીંબાણી વિદ્યાલય રાખ્યુ અને ગામની સેવા કરવાનો યશ ભાગી બન્યા.

ત્યારબાદ ઈ.સ. ૨૦૧૨ ના નારાણ રૈયાના પૌત્રાઓ હરીલાલ વિસરામ, રમેશ દામજી, પ્રવિણ દામજીએ તેમના દાદા નારાણ બાપાનું નામ રોશન કરવા દયાપર ખાતે સત્ય નારાયણ સમાજને બહુ મોટી રકમ (૩૪) દાનમાં આપી. નારાણ રૈયા લીંબાણી ભોજનાલય નામકરણ કરાવી સમાજની સેવા કરવાના યશ ભાગી બન્યા.

બીજુ નારાણ રૈયા લીંબાણી ૧૯૨૦ પછી મુંબઈ રહેવા લાગ્યા અને ઘાટકોપર ખાતે નારાણ રામજી નાયા શીવજી (નાય નગર) (અ.ભા.ક.ક.પા.સ.) સમાજના પહેલા પ્રમુખ શીવદાસ કાનજી સાથે સારી મિત્રતા હતી. અને સાથે કામ પણ કરતા અને નારાણ રૈયા સાથે તેમના મિત્ર તેમજ વેવાઈ કાનજી કેશરા પારસીયા પણ કામ કરતા અને નારાણ રામજી

લીંબાણીના પીરાણી વિરૂધ્ધ કાર્યમાં ૧૯૨૧ થી સહકાર આપવા લાગ્યા અને નારાણ રૈયા તેમજ કાનજી કેશરા નારાણ રામજી લીંબાણીને કહયુ અમો તમારા સનાતની કામમાં પુરો સહકાર આપશું અને દયાપરના બીજા ઘણા ભાઈ બહેનોને તૈયાર કરશું.

બીજુ નારાણ રામજી લીંબાણી ઈ.સ. ૧૯૦૨ માં ૧૭ વર્ષ ની ઉમરમાં મુંબઈ આવ્યા અને મકાન બાંધકામના કામમાં જોડાયા અને ટુંક સમયમાં સારી સફળતા પછી સારા મોટા કોન્ટ્રાકટ તેમજ મ્યુનિસીપાલીટીમાં સારી ઓળખાણ થતા સારા અને મોટા કામ મળવા લાગ્યા તે સમય દરમ્યાન મુંબઈમા વડગાદી એરીયામાં એક શેઠને મકાન બાંધવાનું હોવાથી નારાણ બાપાના મિત્ર શ્રીમાન ગોપાલજી શેઠ વડગાદી ખાતે શેઠશ્રી કેશવજી દામજી પાસે લઈ ગયા ઓળખાણ કરાવી મકાનનું કામ અપાવ્યું પણ વાત વાતમાં ગોપાલજી શેઠે કેશવજી શેઠને કહયું (નારાણ રામજીને ઉદેશીને) માડુ આય ખાસા પણ આય વડા કાફર.

મરે તડે દટે તા અને પેણે તડે ધૂંવા પડેતા

આમ વાત વાતમાં કહેવાથી નારાણ રામજી મનામાને મનમાં સમસમી ગયા ત્યાર પછી નારાણ રામજી તેમના પાડોશી શાસ્ત્ર સંપન મહારાજ રામેશ્વર મોરાર ને મળ્યા અને વધુ શાસ્ત્ર વિષે જાણવા જીજ્ઞાસા જાગી ત્યારથી જયા મોટા હોમ હવન યજ્ઞ થતા હોય ત્યાં જવા લાગ્યા અભ્યાસ કરવા લાગ્યા અને કચ્છ કડવા પાટીદાર સીવાય બીજા પાટીદારનો અભ્યાસ કરવા લાગ્યા અને તે સમયમાં કડવા વિજય નામનું એક સામાયિક બહાર પડતુ તેનું લવાજમ ભરી સભ્ય બન્યા અને બીજા કડવા પટેલ તેમજ અન્ય હીન્દુ જ્ઞાતીનો અભ્યાસ કરતા તેમને નકકી થયું આપણે ભુલ ખાધી છે. આવુ સમજાયા પછી પળનો પણ વિલંબ કરવા વગર સનાતન ધર્મ સ્વીકારવા માટે ઢોલરાવાળ મહારાજ રામેશ્વર મોરારને મળ્યા અને કહયું મને સમજાઈ ગયુ છે હવે મારે પાપી પીરાણા પંથનો ત્યાગ કરી દેહ શુધ્ધી કરાવી સનાતન ધર્મનો અંગીકાર કરવો છે.

ત્યારે રામેશ્વર મોરાર મહારાજે કહયુ આમ ઉતાવળ કરવાથી કોઈ ફાયદો નંહી થાય તમારી સમાજના બીજા મિત્રોને સાથે લઈ આગળ વધો. ત્યારબાદ નારાણ રામજીએ મુંબઈમાં વસતા આપણા ભાઈઓને ભેગા કર્યા અને સમજાવ્યા ત્યારે પરીણામ સ્વરૂપે

તેમની સાથે ૬ મિત્રો તૈયાર થયા ત્યારબાદ જનોઈ ધારણ કરવાની વાત આવતા રામેશ્વ મોરાર મહારાજે કહયું તમારી જ્ઞાની જનોઈ ધારણ કરવા માટે લાયક છે કે નહી તેના પાસે શાસ્ત્રનો અભ્યાસ કરવો પડશે. તેના જવાબ હું નહી આપી શકું. તેમના માટે આપણે કાઠીયાવાડમાં બીલખામાં નથુરામ શર્માના આશ્રમમાં જવુ પડે નથુરામ શર્મા પાસે રામેશ્વર મોરાર મહારાજ તેમજ નારાણ રામજી બંને જણા ગયા અને નથુરામ શર્માએ શાસ્ત્રનો અભ્યાસ કરી કહયુ તમારી જ્ઞાતીને જનોઈ ધારણ કરવાનો અધિકાર છે ત્યારબાદ બંને જણાને સંતોષ થયો, પછી મુંબઈ પરત આવ્યા અને દરેક મિત્રોને મળ્યા બધી વાત સમજાવી અને સનાતન ધર્મ સ્વીકારવા. સંવત ૧૯૬૪ જેઠ સુદ ૫ ઈ.સ. ૧૯૦૮ ના દિવસે નાસીક ખાતે ગોદાવરીના કિનારે ૭ મિત્રોએ સનાતન ધર્મનો સ્વીકાર કર્યા અને દેહશુધ્ધિ કરાવી જનોઈ ધારણ કરી. પ્રતિજ્ઞા લીધી આપણી આખી જ્ઞાતીને અર્ધ દગ્ધ પાપી પીરાણ ખીચડાયા પંથમાંથી છોડાવી સનાતનની બનાવીને જ જંપશુ આવી પ્રતિજ્ઞા લીધી.

આ વાતની કચ્છ પ્રદેશમાં ખબર પડતા ખળભળાટ મચી ગયો ગેઢેરો અને મુખી ધુવા પુવા થઈ ગયા આ સાતે જણાનો સગા પરીવારને બોલાવી ધમકાવવા તેમને નાત બહાર મુકવા દંડ કરવા લાગ્યા.

આ સનાતનની ક્રાંતિ લાવનાર નારાણ રામજી લીંબાણીની ઉંમર ત્યારે ૨૫ વંર્ષની હતી. ત્યારથી સમાજ સેવાની ભેખ લઈ લીધી. સમાજમાં જાગૃતી લાવવા મુંબઈમાં કડવા પાટીદાર યુવક મંડળ અને જ્ઞાતિ હીત ચીંતવર્ધક મંડળની સ્થાપના કરી જે ભાઈઓ સનાતન ધર્મ સ્વીકાર્યો તે જ્ઞાતિ હીત ચિંતવર્ધક મંડળવાળા અને કડવા પાટીદાર યુવક મંડળમાં દરેક ભાઈઓ હાજરી આપતા અને નારાણ રામજી દરેકને સમજાવતા પણ કચ્છના ગઢેરાની બીકે કોઈની હિંમત ચાલતી નહી. આમ કરતા ઘણો સમય નીકળી ગયો પણ ૭ ના આઠના થયા ત્યારબાદ એવો વિચાર આવ્યો કે આપણી સમાજની મોટી વસ્તી કરાચીમાં છે તો કરાચી ખાતે આપણે પરીષદ ભરીએ. આમ વિચાર તા. કરાચી ખાતે પહેલી પરીષદ ઈ.સ. ૧૯૨૦ માં તા. : ૦૮/૦૮–૧૧/૮/૧૯૨૦ શ્રાવણ માસમાં ચાર દિવસ માટે પરિષદનો સમય નકકી કર્યા પછી પરીષદના પ્રમુખ કોને બનાવવા તેના માટે ઘણુ વિચાર્યા પછી એવુ નકકી કરવામાં આવ્યુ કે કરાચીના પ્રખ્યાત કોન્ટ્રાકટર કચ્છ માનકુવા વાળ રાજા સામજી

ધોળુંને નકકી કરવામાં આવ્યા અને સમય મુજબ પરીષદ ચાલુ થઈ તેમાં ૧૮૦૦ માણસની હાજરી હતી. તેમાં ૪૦૦ બહેનોએ ભાગ લીધો તેમાં ઘણા ભાષણ થયા ચર્ચા થઈ પણ પીરાણા વિરૂધ્ધ ઠરાવ પસાર ન થઈ શકયો અને પરીષદ પુરી થઈ કચ્છમાં બેઠેલા ગેઢેરાના જો હુકમીથી કોઈ આગળ ન આવી શકયું આ પરીષદથી નારાણ રામજીને સંતોષ ન થયો પરીષદ પુરી થતા બધા પાછા ગયા નારણ રામજી મુંબઈ ગયા અને બધા ભેગા મળી વિચાર્યુ બીજુ પરીષદ ૧૯૨૧ માં કચ્છ ભરીએ. તેવુ નકકી કર્યુ.

બીજુ કચ્છમાં ૧૯૨૦ ની પરીષદમાં ભાગ લીધો તેમને તેમજ તેમના સગાની બોલાવી ગઢેરા– મુખી ત્રાસ આપવા લાગ્યા નાત બહાર મુકવા દંડ કરવાનો ફરમાવન કરવા લાગ્યા આ અસર રૂપે ૧૯૨૧ ના નારાણ રામજીની નાદુરસ્ત તબીયતને લઈ તેમજ કરાચીથી પણ કોઈ પણ આગેવાન કારણ બતાવી હાજર ન રહયા. તેથી ૧૯૨૧ ની પરીષદ ન ભરી શકયા. પણ ૧૯૦૮ થી ૧ પણ સભ્યના ઉમેરાયો છતા પણ નારાણ રામજી હિંમત હારે તેમ ન હતા. તેમને ૧૯૨૨ માં બીજી પરીષદ ફરી કરાચી ખાતે ભરવાનું નકકી કર્યુ. ૭/૮–૯/૮/૧૯૨૨ ના ત્રણ દિવસ માટે શ્રાવણ માસ મા.

તે ૧૯૨૨ ની પરીષદના પ્રમુખ તરીકે નખત્રાણા વાળા માવજી પુંજા જબવાણી નકકી કરવામાં આવેલ અને સમય પ્રમાણે કરાચી ખાતે સભા ભરાણી તેમાં પણ સારી એવી સંખ્યા હાજર થઈ.

બીજુ પરીષદ ઈ.સ. ૧૯૨૨ માં હાજરી આપવા મુંબઈથી નારાણ રૈયા લીંબાણી તેમજ તેમના સાથી મિત્ર વેવાઈ કાનજી કેશરા પારસીયા મુંબઈથી દરીયાઈ માર્ગ મુંબઈથી કરાચી પહોંચ્યા અને અગાઉ નકકી કર્યા મુજબ કરાચીમાં હાજરી આપવા તેમના મળતીયાને ટપાલ લખી જણાવેલ તમો દયાપરથી પરીષદમાં ભાગ લેવા આવશો અમો મુંબઈથી આવશું. આમ પહેલાથી નકકી કરેલા સમય મુજબ સને ૧૯૨૧ માં નારાણ રામજી સાથે વાત થયા મુજબ દયાપરના ઘણા ભાઈઓ કરાચી ખાતે પરીષદમાં હાજર થયા સારી સેવા પણ આપી અને આ પરીષદની સારી અસર થઈ અને અમુક ઠરાવ પણ પીરાણા વિરૂધ્ધ પસાર કરી શકયા પરીષદ પુરી થયા પછી નારાણ રૈયા – નારાણ બાપાને મળ્યા અને કહયું અમોને તો સમજણ પડી ગઈ છે પણ દયાપરથી આવેલ ભાઈઓને તમો પણ

સમજાવો આમ કરાચી ખાતે પરીષદ પુરી થતા અને બધા છુટા પડયા તે દરમ્યાન નારણ રૈયાએ નારાણ રામજીને કહયું તમોને ૧૯૨૧ માં જેમ કહયુ હતુ તેમ અમારા દયાપર ગામમાંથી ૩૦૦, ૪૦૦ જણા સનાતનમાં આવવા તૈયાર છે. તો તમારી હાજરીમાં આ કામ કરવુ છે. તો તમો ટાઈમ આપો આવુ સાંભળતા નારાણ રામજીનો ખુશીનો પાર ન રહયો કારણ કે ૧૯૦૮ થી અથાગ પ્રયત્નો કરતા છતા મુંબઈ તેમજ કચ્છમાં કોઈ સાહસ પરીવાર હિંમત ન કરી શકયો અને એક સાથે આવડુ મોટુ જુથ અને તે પણ કચ્છમાં ગ઼ઢેરા અને મુખીની હાજરીમાં હિંમત કરવી કાઈ નાની વાત ન હતી. આ વાત નારણ રામજી મુંબઈ જઈ મળતીયાને વાત કરી અને બધા ખુશ થઈ ગયા અને નકકી કર્યુ ઉનાળે આમે કચ્છમાં લગ્નમાં જવુ છે. તો તે વખતે દયાપર જવુ નારાણ બાપાના લખવા મુજબ લગ્નનુ તો બહાનું હતું.

આ બાજુ નારણ રૈયા પણ કરાચીથી દયાપર ગયા ત્યા બધા મળતીયા મિત્રો પરીવારને મળી ભેગા કરી સમજાવ્યા ત્યારબાદ મુંબઈ આવી નારાણ બાપાને મળ્યા અને સમય આવે ઉનાળે બધા કચ્છમાં ગયા અને નારાણ રામજી અને તેમના મિત્રો દયાપર આવ્યા અને બધાને ભેગા કર્યા ત્યારે નારાણ રામજીએ કહયું બરાબર વિચારી લેજો આ કામ સહેલુ નથી. કારણકે ભાઈ બહેન પરીવાર સગા સબંધી સાથે સંબંધ પુરા કરવા પડશે ત્યારે દયાપરની બહેનોએ બહુ જ હિંમત બતાવી અને નારાણ બાપાને કહયુ ભાઈ તમે હવે ઢીલી ઢીલી વાત ન કરો અમો બધુ સમજી ગયા છીએ. અમો એક પણ પળનો વિલંબ કરવા માંગતા નથી. પણ તમોએ નાસીક ખાતે જેઠ સુદ ૫ ના દિવસે સનાતન ધર્મના સ્વીકાર કરેલ તો અમો પણ તેજ દિવસે સનાતન ધર્મ સ્વીકારયું. આજે જેઠ સુદ ૧ છે. તો તમારાથી ચાર દિવસ દયાપર ખાતે રોકાઈ શકાય તો રોકાવો નહી તો મોટી વિરાણી આંટો મારી આવો બાકી અમો બધુ વિચારો બેઠા છીએ. ગણા દિવસ અમી. નુર ની ગોળી ખાધી સૈયદના એઠા ખાધા હવે અમોને કોઈ પણ વિચારવુ નથી. આમ જેઠ સુદ ૫ ના દિવસે દયાપર ખાતે ભુજ રાજયની સાહતાથી મડના રા.રા. જટાશંકર અને લખપતના સતાવાળા આપણી સાહતા માટે હાજર હતા અને સામે પક્ષે ખાતા વાળાના ૭-૮ ગામના ગઢેરા દયાપર ખાતે ભેગા થયા અને લાપસીના આંધણ મુકાણા અને ગણી તડજોડ ચાલી અંતે ૧૬૧ જણ એ દયાપર

ખાતે સનાતન ધર્મનો સ્વીકાર કર્યો તે ગઢશીશા વાળા પરાશર શર્માના વરદ હસ્તે શુધ્ધીકરણ કરાવેલ આ સનાતન ધર્મનો સ્વીકાર કચ્છ રાજયમાં કચ્છ કડવા પાટીદાર સમાજમાં સૌથી પહેલો પ્રસંગ હતો. અને તે દિવસથી શ્રી સત્ય નારાયણ સમાજની સ્થાપના થઈ.

20-May-1923 (પ્રથમ જેઠ) - Sunday

તેમના કર્ણધાર હતા. નારાણ રૈયા લીંબાણી તે દિવસ હતો સંવત ૧૯૭૯ પ્ર: જેઠ સુદ ૫ ના શુભ દિવસે જેમની ગણા સમયથી રાહ જોતા હતા તે સનાતની સુર્ય કચ્છ રાજયમાં કડવા પાટીદારમાં શ્રી નારાણ રૈયા લીંબાણીના નૈતૃત્વ નીચે દયાપર થી ઉગ્યો અને ત્યારથી પ્રથમ સનાતની સમાજ શ્રી સત્ય નારાયણ સમાજની દયાપર ખાતે સ્થાપના થઈ. આ વાતની જાણ કચ્છ તેમજ કચ્છ બહાર આપણી સમાજમાં થઈ ત્યારે હાહાકાર થઈ ગયો. કારણ કે ભલભલા માણસની કચ્છમાં પહેલ કરવાની હિંમત ન હોતી ચાલતી કારણ કે ૧૯૦૮ થી ૧૫ વર્ષ સુધી નારાણ રામજી લીંબાણી તેમજ તેમના મિત્રોએ ખુબ પ્રયત્ન તેમજ સંઘર્ષ કર્યા પણ ધારી સફળતા મળી ન હતી. આ વાત મુંબઈ પહોંચી ત્યારે ત્યાના ભાઈઓ ખુબ ખુશી થયા અને શરમથી માથા જુકી પણ ગયા કારણ કે કરાચી અને મુંબઈ કચ્છથી ગણા દુર હોવા છતાં કોઈની કચ્છના ગેઢેરાના જુલ્મ સામે હિંમત ન ચાલી આની અસર રૂપે ૧ મહીના પછી અષાઢ મહીનમાં શુધ્ધી કરણનો પ્રોગ્રામ મુંબઈ ખાતે રાખવામાં આવેલ તેમાં મુંબઈના સ્થાનીક ભાઈઓ અને દયાપરથી મુંબઈ આવી શુધ્ધી કરણમાં જોડાયેલ.

અને કચ્છમાં પણ દયાપરના શુધ્ધી કરણની સીધી અસર થઈ તેના ભાગરૂપે આષો સુદ ૧૦ વિજયા દશમીના દિવસે દયાપરના બાજુમાં પાનેલી ખાતે ૧૬ પરીવાર શુધ્ધી કરણમાં જોડાયેલ તે દયાપરના શાસ્ત્રી મણીશંકર અંબાલાલ ત્રીપાઠી ના વરદ હસ્તે શુધ્ધી કરાવેલ ત્યારબાદ શુધ્ધીકરણનો કાર્યક્રમ દિવાળી પછી ભાઈ બીજના દિવસે રવાપર ખાતે થયો.

ત્યારબાદ કરાચી ખાતે થયો આમ ૧૫–૧૫ વર્ષ થી જે માણસો ગભરાઈને પોતાની ઈચ્છા વ્યકત ન કરી શકયા તે દયાપરના સનાતની ધર્મના શુધ્ધીકરણના કાર્યક્રમ પછી પરીવાર એક–બે જણ પણ હિંમતમાં આવી ગયા અને શુધ્ધી કરણમાં જોડાતા ગયા આમ ૧–૧।। વર્ષમાં ૪૬૧ જણા થઈ ગયા તેવુ નારાણ રામજી લીંબાણી પીરાણાની પોલમાં લખ્યુ

છે. ૧૯૦૮ થી દબાયલા આપણી સમાજના ભાઈ બહેનો સ્પ્રીંગની માફક ઉછળ્યા અને દરેક પોત પોતાની શકિત પ્રમાણે પ્રચાર અને સમજાવવા લાગ્યા.

દયાપરના આજુબાજુના ગામમાં નારાણ રૈયા તેમજ તેમના મિત્રો મળતીયા પ્રચાર કરતા અને હિંમત પણ આપતા આપ દયાપરના સનાતન ધર્મના અંગીકારનુ મહત્વ એટલા માટે વધારે છે કારણ કે ૧૯૦૮ થી ૧૯૨૩ સુધી નારાણ રામજીની ટીમે ખુબ પ્રયત્ન કર્યા પણ ધારી સફળતા ન મળી. પણ સં. ૧૯૭૯ જેઠ સુદ ૫ ના દયાપરના પ્રસંગ પછી દયાપરના આજુબાજુના દરેક ગામમાં સારી અસર થઈ અને ટુંક સમયમાં આખે આખા ગામ સનાતની બની ગયા અને કચ્છમાં લખપત તાલુકાના પાટીદાર ના દરેક ગામ નારાણ રૈયા લીંબાણીના પ્રયાશથી સનાતની બની ગયા.

કરાચી ખાતે પહેલી પરીષદ ૧૯૨૦, બીજી પરીષદ ૧૯૨૨ માં ભાગ લેનાર સમાજના પ્રથમ હરોળના આગેવાનોમાં પણ દયાપરના શુધ્ધીકરણના પ્રોગ્રામ પછી જ હિંમત આવી અને શુધ્ધિકરણ માટે આગળ આવ્યા.

બીજુ કચ્છમાં ગઢેરાનો કેવો જુલ્મ અને કેર હશે તેના દાખલા રૂપે મોટી વિરાણી માટે શ્રી લક્ષ્મીનારાયણ ની મૂર્તિ મુંબઈમાં તૈયાર કરાવેલ પણ સંજોગો વસાત આપણી પાટીદારના પ્રથમ શ્રી લક્ષ્મી નારાયણ મંદિર માટે તૈયાર કરાવેલ મૂર્તિ મોટી વિરાણી ન બેસાડી શકયા આખર આ મૂર્તિ બોરડી ટીંબા કંપામાં આપણી સમાજમાં પ્રથમ શ્રી લક્ષ્મી નારાયણ મંદિરમાં સંવત ૧૯૮૪ ના બીજા શ્રાવણ સુદ ૧૧ ને શનિવાર તા. : ૨૬/૮/૧૯૨૮ ના શુભ દિવસે પ્રાણ પ્રતિષ્ઠા કરાવી આ રીતે અચાનક બોરડી ટીંબા કંપામાં આપણી સમાજનું પ્રથમ શ્રી લક્ષ્મી નારાયણ ભગવાનનું મંદિર બન્યું.

Bordi Timba Laxminarayan Temple Inauguration

(મોટી વિરાણી ખુદ નારાણ રામજી લીંબાણીનું ગામ છે.)

આવા વિપરીત સંજોગો હોવા છતાં સંવત ૧૯૭૯ જેઠ સુદ ૫ ના દયાપર ગામથી શરૂઆત થઈ તે બહુ જ મોટી બાબત કહેવાય તેમા ભાગ લેનાર ભાઈ બહેન તેમજ તેમના કર્ણ ધારને જેટલા ધન્યવાદ આપી તેટલા ઓછા છે.

બીજુ નારાણ રૈયા એ દોલતપર ખાતે શ્રી લક્ષ્મી નારાયણ ભગવાનનું મંદિર પોતે જાતે હાજર રહી કામ કરાવેલ.

નારાણ રૈયા દયાપર ખાતે પોલીસ પટેલ તરીકે, પણ સેવા આપેલ હતી. અને કોઈ વાદ વિવાદમાં પંચ તરીકે સારી સેવા આપતા.

નારાણ રૈયા તેમજ તેમના વારસદારોનુ દયાપર ખાતે કોઈ મકાન કે ખેતર નથી છતા કચ્છ કડવા પાટીદાર – લખપત તાલુકો તેમજ દયાપર ખાતે યથા યોગ્ય સમયે યથા યોગ્ય દાન આપવા માટે કયારે પાછી પાની કરી નથી આ પણ એક સમાજ માટે દાવા દાંડી સમાન છે.

નારાયણ રૈયા લીંબાણીએ ૧૯૫૯ માં બોર્ડીગ માટે નખત્રાણા ખાતે ૫૦૦૦/– અંકે પાંચ હજારનુ દાન આપેલ તે નખત્રાણા ખાતે આરસની તકતીમાં કંડારેલ છે.

બીજુ અમો ૨૦૦૯ ના એક કામ માટે વહીવંચા પાસે અમદાવાદ ગયા ત્યારે અમોને પુછવામાં આવ્યુ તમો કયા ગામથી આવો છો. અમોએ કહયુ દયાપરથી તો વહીવંચાએ સીધુ જ કહયું નારણ રૈયા વાળુ દયાપર અમોએ કહયુ તમો એમને કે ઓળખો છો તેમને કહયું અમારા બાપ દાદા એમ કહેતા હતા કે પિરાણા વાળએ જ વહીવટો બંધ કરાવેલ તે ચાલુ કરાવવા નારાણ રામજી લીંબાણી અને નારાણ રૈયા લીંબાણી અમારા વડીલોને શોધતા શોધતા ધોળકા આવેલ અને અમારો હકક પાછો અપાવેલ અને ચોપડા ચાલુ કરાવેલ તેથી અમારા વડીલોએ કહયુ આ વડીલને ભુલવા નહીં.

ઉપર મુજબના ધાર્મિક, સામાજીક, પારીવારીક, કામ કરતા કરતા આખરે તા. : ૨૮/૦૫/૧૯૭૦ વૈશાખ વદ ૮ ના કોલ્હાપુર ખાતે અવસાન થયું.

નારાણ રૈયા લીંબાણીનું આ ૧૨૫ મુ જન્મ જયંતી વર્ષ છે. (૧૮૯૦ થી ૨૦૧૫)

આ હતો નારાણ રૈયા લીંબાણી દયાપર વાળાનો પરીચય

નારાયણ રૈયાનો પરીવાર અત્યારે કોલ્હાપુર અને હુબલીમાં રહે છે.

(૧) હરીલાલ વિશ્રામ નારાણ લીંબાણી કોલ્હાપુર

(૨) રમેશ દામજી નારાણ લીંબાણી હુબલી

(૩) પ્રવિણ દામજી નારાણ લીંબાણી હુબલી

"અસ્તુ"